ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૨/૩૭૭-૪૫૮

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૧૭/૦૧/૨૦૨૨

## પરિપત્ર

**વિષય:- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવા માટેનો સમયગાળો લંબાવવા બાબત**

સંદર્ભ:- (૧)અત્રેની કચેરીના તા.૨૩/૧૨/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૧/૧૧૪૬૭-૧૧૫૪૮.
(૨) અત્રેની કચેરીના તા.૧૦/૦૧/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૨/૧૫૫-૨૩૯.

ઉપરોકત વિષય તથા સંદર્ભ-૧ના જાહેરનામાથી **પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧** માટેના લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટેના આવેદનપત્રો **www.seb.exam.org** વેબસાઇટ પર **તા.૨૮/૧૨/૨૦૨૧ થી ૧૧/૦૧/૨૦૨૨** ઓનલાઇન ભરવાના ચાલુ હતા. જેમાં સંદર્ભ-૨ના પરિપત્રથી તા.૧૭/૦૧/૨૦૨૨ સુધી આવેદનપત્રો અને તા.૧૮/૦૧/૨૦૨૨ ઓનલાઇન ફી ભરવાનો સમયગાળો લંબાવવામાં આવેલ હતો.

હવે આવેદનપત્રો **તા.૨૪/૦૧/૨૦૨૨** સુધી ભરી શકાશે અને ઓનલાઇન ફી **તા.૨૭/૦૧/૨૦૨૨** સુધી ભરી શકાશે. આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉકત સંદર્ભ જાહેરનામા મુજબ યથાવત રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૩/૧૨/૨૦૨૧ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૨૮/૧૨/૨૦૨૧ થી ૨૪/૦૧/૨૦૨૨ |
| 3 | પરીક્ષા માટેની ફી ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૮/૧૨/૨૦૨૧ થી ૨૭/૦૧/૨૦૨૨ |
| ૪ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૩/૦૨/૨૦૨૨ |
| | (૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૫ | ૧) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૭/૦૨/૨૦૨૨ |
| | ૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારાઆવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | |
| ૬ | ૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૯/૦૨/૨૦૨૨ |
| | ૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૭ | પરીક્ષા તારીખ | પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |

સ્થળ: ગાંધીનગર

તારીખ:૧૭/૦૧/૨૦૨૨

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

- <u>નકલ રવાના અમલાર્થે</u>

  (૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

  (૨) શાસનાધિકારીશ્રી, તમામ

  આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

  (૩)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

  જિલ્લાના તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

  (૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

  (૫) મેનેઝરશ્રી,બીલ ડેસ્ક,અમદાવાદ.

- <u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>

  (૧) સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

  (૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

  (૩) નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

  (૪)નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.